


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 101
Dt.: 21-12-2025, Sunday
Page : 04
Rs.00.50 paisa
EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in







### ભારતનું પ્રથમ પ્રાકૃતિક થીમવાળું એરપોર્ટ તૈયાર

# વડાપ્રધાન મોદીએ આસામમાં ૧૫,૬૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું અનાવરણ કર્યું

## વડાપ્રધાને ગુવાહાટીમાં લોકપ્રિયા ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)દીસપુર

ભારતમાં ૪ હજાર કરોડના ખર્ચે વાંસની ડિઝાઈન અને ફૂલ જેવા થાંભલાનું પ્રથમ પ્રાકૃતિક થીમવાળું એરપોર્ટ તૈયાર થઈ ગયું છે.

ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે (૨૦ ડિસેમ્બર) આસામના બે દિવસના પ્રવાસ દરમિયાન ગુવાહાટીમાં લોકપ્રિયા ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું. પીએમ મોદીએ આસામમાં લગભગ રૂ.૧૫,૬૦૦ કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું પણ અનાવરણ કર્યું છે. વડાપ્રધાને પ્રથમ પ્રાકૃતિક થીમવાળા એરપોર્ટ ટર્મિનલની એક ઝલક શેર કરીને કહ્યું હતું કે, આ ટર્મિનલ આસામની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા માટે એક મોટું પ્રોત્સાહન છે. વધેલી ક્ષમતાનો અર્થ જીવનની સરળતામાં સુધારો થાય છે, તેમજ વાણિજ્ય અને પર્યટનને પ્રોત્સાહન મળે.

ગુવાહાટીના નવા ટર્મિનલની ખાસિયત

- ગુવાહાટી એરપોર્ટ પર વાંસ ઓર્કિડ ટર્મિનલ ૨ કોપાઉ ફૂલ (ફોક્સટેલ ઓર્કિડ) અને સ્થાનિક વાંસથી પ્રેરણા લઈને બનાવ્યું છે.

- એરપોર્ટની ડિઝાઈન વડાપ્રધાન અને આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ એડવાન્ટેજ આસામ ૨.૦ દરમિયાન રજૂ કરી હતી.

- ગુવાહાટી એરપોર્ટ પરનું નવું ટર્મિનલ વાર્ષિક ૧૩.૧ મિલિયન મુસાફરોની સુવિધા માટે બનાવાયું છે. તે ઉત્તર પૂર્વીય ક્ષેત્રના તમામ આઠ રાજ્યોમાં આર્થિક એકીકરણ અને સમાવિષ્ટ વિકાસને પ્રોત્સાહન આપશે.

- એરપોર્ટ ટર્મિનલને ૪ હજાર કરોડના ખર્ચે તૈયાર કરાયું છે

આ ટર્મિનલ લગભગ ૧.૪ લાખ વર્ગ મીટરમાં ફેલાયેલું છે અને વાર્ષિક ૧.૩ કરોડ મુસાફરોને સંભાળ કરી શકાય એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે. જેમાં રનવે, એરફિલ્ડ સિસ્ટમ, એપ્રન અને ટેક્સીવેમાં મોટા સુધારા કરવામાં આવ્યા છે.

- ભારતના પહેલા પ્રાકૃતિક થીમવાળા એરપોર્ટ ટર્મિનલની ડિઝાઈન બેમ્બુ ઓર્કિડ્સની થીમ હેઠળ તૈયાર કરાયું છે.

- આ ટર્મિનલમાં સ્થાનકિ સ્તર મળી આવતા લગભગ ૧૪૦ મેટ્રિક ટન નોર્થઈસ્ટ વાંસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સાથે કાજીરંગાથી પ્રેરિત લીલાછમ લેન્ડસ્કેપ્સ, જાપી મોટિફ્સ, પ્રતિષ્ઠિત ગેંડાનું પ્રતીક, અને કોપાઉ ફૂલ દર્શાવતા ૫૭ ઓર્કિડ પણ છે.

- એરપોર્ટ પર મુસાફરોને જંગલ જેવો અહેસાસ કરાવવા માટે લગભગ ૧ લાખ વૃક્ષો લગાવ્યા છે, જેનાથી સ્કાય ફોરેસ્ટ જેવો અનોખો નજારો જોવા મળશે.

## સીઝફાયરના પ્રયાસો વચ્ચે રશિયાનો યુક્રેન પર હુમલો: આખું બંદર તબાહ, ૮ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કિવ,

એક તરફ શાંતિ મંત્રણા અને સીઝફાયરના પ્રયાસોની ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે બીજી તરફ રશિયાએ યુક્રેન પર અત્યાર સુધીનો સૌથી ભયાનક ગણી શકાય તેવો હુમલો કર્યો છે.

દક્ષિણ યુક્રેનના વ્યૂહાત્મક રીતે મહત્ત્વના શહેર ઓડેસા પર રશિયાએ બેલિસ્ટિક મિસાઈલો વડે હુમલો કરતા આખું બંદર તબાહ થઈ ગયું છે. આ હુમલામાં ૮ લોકોના મોત નિપજ્યાં છે, જ્યારે ૨૭થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.

બીજી તરફ ગઈકાલે રાત્રે બંદર હુમલાનું કેન્દ્ર હોવાથી બસના મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઉપરાંત પાર્કિંગમાં પાર્ક કરેલા એક ટ્રકમાં આગ લાગી હતી. આ પછી ઘણી કારને પણ નુકસાન થયું હતું.

અહેવાલો અનુસાર, ઓડેસાના પ્રમુખ ઓલેહ કિપરે જણાવ્યું હતું કે, ઓડેસા બંદર પર બેલિસ્ટિક મિસાઈલોથી હુમલો કરવામાં આવ્યો હતો. જવાબમાં, યુક્રેનની સેનાએ ડ્રોનથી રશિયાના યુદ્ધ જહાજોને નિશાન બનાવ્યા હતા. યુક્રેનના જનરલ સ્ટાફે શનિવારે એક નિવેદનમાં રશિયન હુમલા અને વળતો હુમલો કરવાની પુષ્ટિ કરી હતી. હુમલામાં રશિયાના યુદ્ધ જહાજ ઓખોટનિક ને નિશાન બનાવવામાં આવ્યું હતું.

જહાજ કેસ્પિયન સમુદ્રમાં ક્રૂડ ઓઈલ અને ગેસ ઉત્પાદન પ્લેટફોર્મ નજીક પેટ્રોલિંગ કરી રહ્યું હતું. હુમલાથી થયેલા નુકસાનનું પ્રમાણ હજુ સ્પષ્ટ નથી અને તેનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. કેસ્પિયન સાગરમાં ફિલાનોવસ્કી ક્રૂડ ઓઈલ અને ગેસ ક્ષેત્રના એક ડ્રિલિંગ પ્લેટફોર્મને પણ નિશાન બનાવવામાં આવ્યું હતું.

આ સુવિધા રશિયાના ક્રૂડ ઓઈલના દિગ્ગજ લુકોઈલ દ્વારા સંચાલિત છે.

યુક્રેનના ડ્રોનએ ક્રિમીઆના કાસ્નોસેલ્સ્કી પ્રદેશમાં એક રડાર સિસ્ટમને પણ નિશાન બનાવી હતી, જેને રશિયાએ ૨૦૧૪માં યુક્રેનથી ગેરકાયદે રીતે કબજે કરી હતી. છોડી દેવા પડશે.

## ટ્રમ્પનું નવું ફરમાન, ભારતના ફાર્મા સેક્ટર ઉપર પડશે સીધી અસર

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફાર્મા કંપનીઓ માટે એક કડક અને નવો આદેશ જાહેર કર્યો છે. ટ્રમ્પે જાહેરાત કરી છે કે હવે અમેરિકાના નાગરિકોએ દવાઓ માટે વિશ્વના અન્ય દેશો કરતા વધુ કિંમત ચૂકવવી પડશે નહીં. આ નિર્ણયથી અમેરિકામાં દવાઓના ભાવમાં ૩૦૦% થી ૭૦૦% સુધીનો જંગી ઘટાડો થઈ શકે છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આ ઐતિહાસિક નિર્ણય પાછળ અમેરિકન નાગરિકોને વિશ્વની સૌથી સસ્તી દવાઓ ઉપલબ્ધ કરાવવાનો સંકલ્પ રહેલો છે. ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે હવેથી અમેરિકામાં દવાઓના ભાવ આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રવર્તતા સૌથી નીચા દરોને આધારે નક્કી કરવામાં આવશે, જેથી નાગરિકોએ અન્ય કોઈ પણ દેશ કરતા વધુ કિંમત ચૂકવવી ન પડે. આ નીતિના કડક અમલીકરણ માટે તેમણે 'ટેરિફ'ને એક હથિયાર તરીકે વાપરવાની ચેતવણી આપી છે. જો વિદેશી સરકારો કે ફાર્મા કંપનીઓ ભાવ ઘટાડવામાં સહકાર નહીં આપે, તો તેમના પર ભારે આયાત શુલ્ક લાદવામાં આવશે. આ વ્યૂહાત્મક પગલાનો દૂરગામી હેતુ અમેરિકામાં દવાઓનું સ્થાનિક ઉત્પાદન વધારવાનો છે, જેથી વિદેશી નિર્ભરતા ઘટે. ટ્રમ્પના આ દબાણને કારણે ઘણી આંતરરાષ્ટ્રીય કંપનીઓ હવે અમેરિકામાં જ પોતાની ફેક્ટરીઓ સ્થાપવા તરફ મજબૂર થઈ રહી છે, જે આગામી સમયમાં વૈશ્વિક ફાર્મા સપ્લાય ચેઈન અને ખાસ કરીને ભારત જેવા નિકાસકાર દેશો માટે મોટા પડકારો ઉભા કરી શકે છે. ભારત માટે આ સમાચાર અત્યંત ચિંતાજનક સાબિત થઈ શકે તેમ છે, કારણ કે અમેરિકાના દવા બજારમાં ભારતનો દબદબો છે. અમેરિકામાં વપરાતી કુલ જેનેરિક દવાઓમાંથી લગભગ ૫૦ ટકા જેટલો જંગી હિસ્સો ભારત સપ્લાય કરે છે, જે ભારતીય ફાર્મા ઉદ્યોગ માટે આવકનો મુખ્ય સ્ત્રોત છે.

સામાન્ય રીતે ભારતમાં દવાઓના ભાવ વિશ્વમાં સૌથી નીચા હોય છે, પરંતુ હવે જો અમેરિકા આંતરરાષ્ટ્રીય તુલના કરીને ભારત જેવા જ નીચા ભાવનો આગ્રહ રાખશે, તો ભારતીય નિકાસકારોના પ્રોફિટ માર્જિન (નફા)માં મોટો ઘટાડો થશે.

### ભારત સરકારે નોંધ લેવી જોઈએ: કોંગ્રેસ

# પ્રિયંકા ગાંધીએ બાંગ્લાદેશમાં હિન્દુ યુવકની હત્યાનો મુદ્દો ઉઠાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બાંગ્લાદેશમાં ઈન્કલાબ મંચના પ્રવક્તા શરીફ ઉસ્માન હાદીના મોત બાદ સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની ગઈ છે. સિંગાપોરમાં સારવાર દરમિયાન હાદીના નિધન બાદ બાંગ્લાદેશમાં ફાટી નીકળેલી હિંસામાં લઘુમતીઓને નિશાન બનાવવામાં આવ્યા છે.

મૈમનસિંગ શહેરમાં ૨૫ વર્ષીય હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસની ટોળાએ નિર્મમ હત્યા કરી દેતા હાહાકાર મચી ગયો છે. આ ઘટના અત્યારે ભારે ચર્ચામાં છે અને પ્રિયંકા ગાંધીએ પણ આ અંગે પોતાની ચિંતા વ્યક્ત કરી છે. ૧૮ ડિસેમ્બરની રાત્રે મૈમનસિંગ શહેરમાં એક ફેક્ટરીની બહાર ભીડે દીપુ ચંદ્ર દાસ પર ઈશનિંદા(ઈશનિંદા એટલે કોઈ પણ ધર્મ, પવિત્ર ગ્રંથો, દેવી-દેવતાઓ કે પયગંબરનું અપમાન કરીને ધાર્મિક લાગણી દુભાવવાનો આરોપનો) આરોપ લગાવી તેને ઢોર માર માર્યો હતો. હિંસક ટોળાએ એટલેથી જ ન અટકતા, યુવકને ઝાડ સાથે લટકાવીને સળગાવી દીધો હતો. ત્યારબાદ તેના મૃતદેહને હાઈવે પર ફેંકી દેવામાં આવ્યો હતો, જેના કારણે ટ્રાફિક જામ થઈ ગયો હતો. હાલ પોલીસ સ્થિતિ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

### બાંગ્લાદેશમાં હિન્દુ યુવકની બર્બર હત્યાના સમાચાર અત્યંત ચિંતાજનક છે : કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી



આ ઘટના પર ચિંતા વ્યક્ત કરતા કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરી હતી. તેમણે લખ્યું કે, બાંગ્લાદેશમાં હિન્દુ યુવકની બર્બર હત્યાના સમાચાર અત્યંત ચિંતાજનક છે. ભારત સરકારે પડોશી દેશમાં હિન્દુ, ખ્રિસ્તી અને બૌદ્ધ લઘુમતીઓ વિરુદ્ધ વધતી હિંસાની ગંભીર નોંધ લેવી જોઈએ અને બાંગ્લાદેશ સરકાર સમક્ષ તેમની સુરક્ષાનો મુદ્દો મજબૂતીથી ઉઠાવવો જોઈએ. આ જઘન્ય અપરાધ બાદ બાંગ્લાદેશની વચગાળાની સરકારે ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ એક સત્તાવાર નિવેદન બહાર પાડ્યું છે. સરકારે આ ઘટનાની આકરી નિંદા કરતા જણાવ્યું હતું કે, નવા બાંગ્લાદેશમાં આવી હિંસા માટે કોઈ સ્થાન નથી. આ ગુનામાં સામેલ કોઈપણ દોષિતને છોડવામાં આવશે નહીં. દરેક નાગરિક હિંસા અને નફરતને નકારી શાંતિ જાળવે તેવો આગ્રહ કરવામાં આવ્યો છે. એક વર્ષ બાદ બાંગ્લાદેશમાં ફરીથી લઘુમતી સમુદાયોને નિશાન બનાવવામાં આવતા ત્યાં રહેતા હિન્દુ પરિવારોમાં ભારે ડરનો માહોલ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે પણ બાંગ્લાદેશમાં માનવ અધિકારો અને લઘુમતીઓની સુરક્ષાને લઈને સવાલો ઉઠી રહ્યા છે.

## અસમમાં રાજધાની એક્સપ્રેસ હાથીઓના ટોળા સાથે અથડાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગુવાહાટી

આસામમાં ભીષણ ટ્રેન અકસ્માત થયો છે. રાજ્યના જમુનામુખના સાનરોજા વિસ્તારમાં નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ હાથીઓના એક ટોળા સાથે અથડાઈ છે. આ દુર્ઘટના શુક્રવારે રાત્રે બે કલાકે થઈ, જ્યારે હાથીઓનું ઝુંડ રેલવે ટ્રેક પાર કરી રહ્યું હતું. દુર્ઘટનામાં ટ્રેનના એન્જિન સહિત પાંચ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા.

આ દુર્ઘટનામાં આઠ હાથીઓના મોત થયા છે, જ્યારે કેટલાક હાથીઓ ઈજાગ્રસ્ત છે. દુર્ઘટના બાદ આ રૂટ પર ઘણી ટ્રેનોને રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક ટ્રેનના રૂટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે લોકો પાયલટે હાથીઓના ટોળાના જોતા ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેન રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ ટ્રેન હાથીઓ સાથે ટકરાઈ અને દુર્ઘટના સર્જાય હતી. આ વિસ્તાર વન ક્ષેત્રમાં આવે છે. તેવામાં સમય-સમય પર હાથીઓનું ટોળું જંગલોમાંથી નીકળી રેલવે ટ્રેક પર આવી જાય છે. જાણકારી પ્રમાણે દુર્ઘટનામાં ટ્રેનની ઝપેટમાં આવ્યા બાદ હાથીઓના અંગ રેલવે ટ્રેક પર જોવા મળ્યા હતા. આ કારણે ઘણી ટ્રેનના રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા તો કેટલીક ટ્રેન રદ કરવામાં આવી હતી. આ ટક્કર બાદ ટ્રેમાં જોરદાર ઝટકો લાગ્યો, જેનાથી યાત્રીકોમાં હડકંપ મચી ગયો હતો.




## તંત્રી લેખ......

### બાંગ્લાદેશ અરાજકતામાં ડૂબી રહ્યું છે, એક દેશ સ્વ-વિનાશ તરફ આગળ વધી રહ્યો છે

બાંગ્લાદેશ જે અરાજકતામાં ઘેરાયેલું છે તે માત્ર તેને સ્વ-વિનાશ તરફ દોરી જતું નથી પરંતુ ભારત માટે પણ ખતરો છે. ગયા વર્ષે શેખ હસીના સરકારને ઉથલાવી દેવામાં આવી ત્યારથી દેશ અસ્થિરતાથી ઘેરાયેલો છે, પરંતુ તાજેતરમાં જ્યારે બળવામાં સામેલ એક વિદ્યાર્થી નેતાની ગોળી મારીને હત્યા કરવામાં આવી ત્યારે પરિસ્થિતિ વધુ વણસી. આ એ જ વિદ્યાર્થી નેતા હતા જેમણે થોડા દિવસો પહેલા જ ભારતથી અલગ થવાની ધમકી આપી હતી. તેમના મૃત્યુના સમાચારથી અરાજકતાવાદીઓ રસ્તા પર ઉતરી આવ્યા. તેઓએ બે અગ્રણી બાંગ્લાદેશી અખબારોના કાર્યાલયોમાં આગ લગાવી, એક મુખ્ય સાંસ્કૃતિક કેન્દ્રને આગ ચાંપી અને ભારત વિરોધી વાતાવરણ બનાવવા માટે ભારતીય હાઈ કમિશનને ઘેરવાનું શરૂ કર્યું. હિંસક ટોળાએ ભારતીય હાઈ કમિશનની ઈમારતોમાં ઘૂસણખોરી કરવાનો નિર્ણય લીધો હોવાથી, વિઝા સેવાઓ સ્થગિત કરવી પડી. બાંગ્લાદેશના હાઈ કમિશનરને બોલાવવામાં આવ્યા અને ભારત વિરુદ્ધ તેમના ભડકાઉ ભાષણ પર નારાજગી વ્યક્ત કર્યાના થોડા દિવસો પછી જ આ ઘટના બની. બાંગ્લાદેશમાં, ભારત વિરુદ્ધ ઝેર ઓકનારાઓ જ નહીં, પરંતુ લઘુમતીઓ, ખાસ કરીને હિન્દુઓ પર હુમલો કરનારાઓ પણ મોટા પાયે છે. આ જ કારણ છે કે એક હિન્દુને ઈશનિંદાના ખોટા આરોપમાં માર મારીને મારી નાખવામાં આવ્યો હતો અને પછી તેના શરીરને ભીડની સામે બાળી નાખવામાં આવ્યું હતું. આ આત્યંતિક બર્બરતા બાંગ્લાદેશમાં જોવા મળી રહી છે, જ્યાં નોબેલ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસ વચગાળાની સરકારના વડા છે. હવે કોઈ શંકા નથી કે મુહમ્મદ યુનુસ કટ્ટરપંથીઓ અને ભારત વિરોધી તત્વોના હાથમાં રમી રહ્યા છે અને તેમને પ્રોત્સાહન પણ આપી રહ્યા છે. એ વાતને અવગણી શકાય નહીં કે તાજેતરમાં, વિદેશ મંત્રાલયની સંસદીય સમિતિએ બાંગ્લાદેશમાં કટ્ટરપંથી તત્વો સાથે પાકિસ્તાન અને ચીનની વધતી જતી સંડોવણી પર ચિંતા વ્યક્ત કરી હતી, અને કહ્યું હતું કે આ પાડોશી દેશમાં બનેલી ઘટનાઓ ભારતને ધમકી આપી રહી છે. આ કટોકટી હવે વધુ ગહન લાગે છે. બાંગ્લાદેશમાં હિન્દુઓના જીવન જ જોખમમાં નથી, પરંતુ ભારતીય હિતો પણ જોખમમાં છે. ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે બાંગ્લાદેશ અરાજકતામાં ડૂબી ગયું છે. આ ચૂંટણીઓનું સુચારુ સંચાલન હવે શંકાના દાયરામાં છે. શેખ હસીનાના પક્ષ, અવામી લીગને આ ચૂંટણીઓમાં ભાગ લેવાથી રોકવા ઉપરાંત, પાકિસ્તાન તરફી જમાત-એ-ઈસ્લામી સહિત અન્ય કટ્ટરપંથી દળોને પણ ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવી છે. ચિંતાજનક શક્યતા એ છે કે ચૂંટણીઓ પછી, ઈસ્લામિક કટ્ટરપંથીઓનું વર્ચસ્વ ધરાવતી સરકાર સત્તામાં આવી શકે છે, જે ખુલ્લેઆમ ભારતીય હિતોની વિરુદ્ધ કામ કરશે.

સુશાસનથી સશક્તીકરણઃ આત્મનિર્ભરતાના આકાશમાં ઉડતી ગુજરાતની નારીશક્તિ

# સફળતાની સ્વાદભરી સફરઃ પંચમહાલના કલ્પનાબેન કરી રહ્યાં છે ઘરેલું નાસ્તાથી વાર્ષિક રૂ.૧૨ લાખથી વધુની કમાણી

## આત્મનિર્ભરતાની નવી પાંખોઃ બનાસકાંઠાના તેજલબેન ખેતીમાં ડ્રોન ટેકનોલોજી દ્વારા કરી રહ્યાં છે ૮૦ હજારથી વધુની કમાણી

સુશાસન અને 'મિશન મંગલમ' જેવા ગુજરાત સરકારના અભિયાનોએ ગ્રામીણ સ્તરે નવો સામાજિક અને આર્થિક ઈતિહાસ આલેખ્યો છે. આજે મહિલા સશક્તીકરણ માત્ર કાગળ પરનો દસ્તાવેજ નથી, પરંતુ ખેતરના શેઢે ઉડતા ડ્રોન અને બજારની દુકાનોની જીવંત વાસ્તવિકતા છે. 'નમો ડ્રોન દીદી' થી લઈને 'લખપતિ દીદી' સુધીની આ સફર એ વાતની સાબિતી છે કે, જ્યારે નારીને યોગ્ય તક, તાલીમ અને ટેકનોલોજીનું પીઠબળ મળે ત્યારે, તે ઘરના ઉંબરા વટાવી આખું આકાશ જીતવાનું સામર્થ્ય ધરાવે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અમલી અનેક મહિલાલક્ષી યોજનાઓના ફળસ્વરૂપે પંચમહાલથી લઈને બનાસકાંઠા સુધીની મહિલાઓ આજે સફળતાના શિખરો સર કરી રહી છે. આ જ સુશાસનનો સાચો વિજય છે, જેણે દરેક મહિલાને સશક્ત, સક્ષમ અને સાચા અર્થમાં સમૃદ્ધ બનાવીને રાષ્ટ્ર વિકાસનું અભિન્ન અંગ બનાવી છે.

લખપતિ દીદીઃ આંકડો નહીં, પણ આત્મવિશ્વાસ

સરકારના પ્રોત્સાહક પ્રયાસો અને મિશન મંગલમ જેવી યોજનાઓ દ્વારા ગ્રામીણ મહિલાઓના જીવનમાં આવેલા આમૂલ પરિવર્તનનું ઉત્તમ ઉદાહરણ પંચમહાલ જિલ્લાના કલ્પનાબેન રાઠોડ છે. કલ્પનાબેન વર્ષ ૨૦૧૮માં મિશન મંગલમ અંતર્ગત 'શ્રી ગણેશ મહિલા મંડળ' સાથે જોડાયા અને ત્યાંથી શરૂ થઈ તેમની સ્વાદભરી સફળતાની સફર. ઘરેલું નાસ્તો તૈયાર કરીને કલ્પનાબહેન 'હર ઘર સ્વદેશી' અભિયાનને પણ સાર્થક કરી રહ્યાં છે.

તેમણે પોતાની આર્થિક મુશ્કેલીઓ દૂર કરવાની દિશામાં ડગ માંડ્યા. સરકાર દ્વારા સંચાલિત RSETI સંસ્થામાંથી ફાસ્ટ ફૂડની તાલીમ મેળવીને તેમણે કૌશલ્યની સાથે આત્મનિર્ભર બનવાનો આત્મવિશ્વાસ પ્રાપ્ત કર્યો. મહિલા સશક્તીકરણને વેગ આપવા માટે સરકાર દ્વારા આપવામાં આવતી આર્થિક સહાય જેવી કે રિવોલ્વિંગ ફંડ, કમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડ અને બેંક દ્વારા મળતી કેશ ક્રેડિટ લોન કલ્પનાબેન જેવા અનેક સાહસિકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.

આ સુવિધાની મદદથી તેમણે કેન્ટીન, કેટરિંગ અને થેપલાં બનાવવાનો વ્યવસાય વિકસાવ્યો, જેના થકી તેઓ વાર્ષિક રૂ. ૧૨.૫૬



લાખની આવક મેળવી રહ્યા છે. રાજ્ય સરકારે 'સરસ મેળા' જેવા રાજ્યસ્તરના પ્લેટફોર્મ પૂરા પાડીને મહિલાઓના હુન્નરને સ્થાનિક બજારો સુધી પહોંચાડ્યું છે.

ઘરેલુ નાસ્તો બન્યો આત્મનિર્ભરતાની સ્વદેશી બ્રાન્ડ

આજે કલ્પનાબેન માત્ર એક સફળ ઉદ્યોગસાહસિક જ નહીં, પરંતુ 'લખપતિ દીદી' તરીકે સમાજમાં નવી ઓળખ ધરાવે છે. તેઓ સ્વસહાય જૂથના પ્રમુખ અને ગ્રામ સંગઠનના સચિવ તરીકે નેતૃત્વ સંભાળીને અન્ય મહિલાઓને પણ આત્મનિર્ભર બનવા પ્રેરણા આપી રહ્યા છે. આમ, સરકારી યોજનાઓના યોગ્ય અમલીકરણ અને સહકારથી ગ્રામીણ સ્તરે મહિલાઓ આર્થિક અને સામાજિક રીતે વધુ સશક્ત બની રહી છે.

નમો ડ્રોન દીદીઃ આકાશને આંબતી આત્મનિર્ભરતા

જેના હાથમાં ડ્રોનનું રિમોટ અને હૈયામાં આત્મનિર્ભરતાનો સંકલ્પ છે, તેવી આજની આધુનિક નારી હવે માત્ર ઘર નથી ચલાવતી, પણ રાષ્ટ્ર વિકાસમાં પણ પોતાનું અમૂલ્ય યોગદાન આપી રહી છે. સૌ પ્રથમ આપણે વાત કરીશું બનાસકાંઠાની એ દીકરીની જે આકાશમાં ડ્રોન ઉડાડવાની સાથે તેના સપનાઓને પણ પાંખો આપી રહી છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના રાણપુર ગામના તેજલબેન ઠાકોરની સફર આજે ગુજરાતની લાખો મહિલાઓ માટે પ્રેરણારૂપ બની છે. બી.એ. સુધીનો અભ્યાસ કરી પશુપાલન અને ખેતી સાથે જોડાયેલા તેજલબેન 'મિશન મંગલમ' યોજના હેઠળ સદારામ સખી મંડળમાં જોડાયા, જ્યાં તેમને આધુનિક કૃષિ ટેકનોલોજી એટલે કે ડ્રોન વિશે માહિતી મળી. રાજ્ય સરકાર અને ઈફકો (IFFCO) ના સહયોગથી પુણે ખાતે ૧૫ દિવસની તાલીમ મેળવી, તેમણે DGCAના નિયમો મુજબની પરીક્ષા પાસ કરી સત્તાવાર 'ડ્રોન પાયલોટ'નું લાયસન્સ મેળવ્યું. આજે તેઓ આધુનિક ડ્રોન ટેકનોલોજીના માધ્યમથી ખેતીમાં નવીન પરિવર્તન લાવી રહ્યા છે.

પરંપરાગત ખેતીને આધુનિકતા સાથે જોડી તેજલબહેને ડીસા તાલુકાના વિવિધ ગામોમાં એરંડા, વરિયાળી અને ઘઉં જેવા પાકોમાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાઓનો છંટકાવ કરી અત્યાર સુધીમાં રૂ. ૮૦,૦૦૦થી વધુની આવક મેળવી છે. "ડ્રોન દીદી" તરીકે નવી ઓળખ પામેલા તેજલબેન જણાવે છે કે, સરકારના પ્રોત્સાહન અને તાલીમથી જે ટેકનોલોજી વિશે ગામમાં કોઈને ખબર નહોતી, આજે તે જ ટેકનોલોજી તેમની આર્થિક સમૃદ્ધિનું માધ્યમ બની છે. આમ, રાજ્ય સરકારના સુશાસન અને મહિલા ઉત્કર્ષના પ્રયાસોથી ગ્રામીણ મહિલાઓ માત્ર ઘરના ઉંબરા સુધી મર્યાદિત ન રહેતા આત્મનિર્ભર બની પોતાના અને પરીવારને આર્થિક રીતે મદદરૂપ થઈ રહી છે.

ગુજરાત સરકારના સુશાસન અને મહિલા સશક્તીકરણના અભિગમ હેઠળ ગ્રામીણ મહિલાઓના જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે. આજે ગામડાની મહિલા જ્યારે ખેતરના આકાશમાં ડ્રોન ઉડાડે છે અથવા પોતાના નાના ઉદ્યોગ થકી વર્ષે લાખોની કમાણી કરે છે, ત્યારે સાચા અર્થમાં મહિલા સશક્તીકરણનો સાક્ષાત્કાર થાય છે.

આમ, રાજ્ય સરકારના મક્કમ નિર્ધાર અને ગ્રામીણ મહિલાઓના અટલ મનોબળને કારણે આજે ગુજરાતની નારીશક્તિ આર્થિક રીતે સદ્ધર બની રહી છે. મિશન મંગલમ અને ડ્રોન દીદી જેવા રાજ્ય સરકારના પ્રયાસો દ્વારા તેમને માત્ર આવક જ નહીં પરંતુ સમાજમાં એક નવી ઓળખ અને ગૌરવ થકી સાચા અર્થમાં સુશાસનની અનુભૂતિ થઈ રહી છે.

- ઋચા રાવલ

ભાગવા જતાં મહિલા PIએ મારી ગોળી

# ગાંધીનગરમાં ૫ વર્ષની બાળકી પર દુષ્કર્મના આરોપીનું એન્કાઉન્ટર

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગરમાં પાંચ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ આચરનારા નરાધમ સામે પોલીસે લાલ આંખ કરી છે. સેક્ટર-૨૪ વિસ્તારમાં બનેલી આ ઘટનાના આરોપીને જ્યારે પોલીસ ઘટના સ્થળે તપાસ માટે લઈ ગઈ હતી, ત્યારે તેણે ભાગવાનો પ્રયાસ કર્યો હતો.

આ દરમિયાન મહિલા પોલીસ ઈન્સ્પેક્ટરે સ્વબચાવ અને આરોપીને રોકવા માટે ફાયરિંગ કરતા આરોપીને પગમાં ગોળી મારી છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, ૫ દિવસ પહેલા ગાંધીનગરના સેક્ટર-૨૪ સ્થિત ઈન્દિરાનગર છાપરા વિસ્તારમાં એક શરમજનક ઘટના બની હતી. રાત્રિના સમયે એક ૫ વર્ષની માસૂમ બાળકી જ્યારે લઘુશંકા માટે ઘરની બહાર નીકળી હતી, ત્યારે તકનો લાભ ઉઠાવીને હવસખોર તેને ઉઠાવી ગયો હતો અને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ગાંધીનગર પોલીસે આ કેસને ગંભીરતાથી લઈને અલગ-અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે આરોપીની ઓળખ કરી તેને દબોચી લીધો હતો.

આ ઘટનાના આરોપીનું નામ રામસિંહ છે અને તે મૂળ બિહારનો વતની છે. આરોપી વ્યવસાયે સેક્ટર-૨૫ GIDCમાં આવેલી અમૂલ ડેરીમાં નોકરી કરતો હતો. આજે પોલીસ આરોપી રામસિંહને લઈને સેક્ટર-૨૪ ઈન્દિરાનગર છાપરા ખાતે 'ક્રાઈમ રીકન્સ્ટ્રક્શન' અને પુરાવા એકત્ર કરવા માટે ગઈ હતી. પોલીસ તપાસ ચાલુ હતી તે દરમિયાન આરોપીએ પોલીસ જાપ્તામાંથી છૂટીને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ સ્થિતિમાં સેક્ટર-૨૧ના મહિલા PI લતા દેસાઈએ સમયસૂચકતા વાપરી હતી.

આરોપીને કાબૂમાં લેવા માટે તેમણે કુલ ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું, જેમાંથી એક ગોળી આરોપીના પગમાં વાગી હતી. આરોપીએ પોલીસ કસ્ટડીમાંથી ભાગવા માટે હિંસક પ્રયાસ કર્યો હતો, જેના પગલે કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસ દ્વારા ફાયરિંગ કરવાની ફરજ પડી હતી. ગોળી વાગવાથી લોહીલુહાણ થયેલા આરોપી રામસિંહને તાત્કાલિક અસરથી પોલીસ બંદોબસ્ત હેઠળ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. માસૂમ બાળકી પર અત્યાચાર ગુજારનાર આરોપી સામે પોલીસે કરેલી આ કડક કાર્યવાહીની લોકોમાં પ્રશંસા થઈ રહી છે.

# યાત્રી સુવિધા તથા અવસંરચનાના વિકાસ માટે ટ્રાફિક બ્લોકના કારણે ભાવનગર મંડળની કેટલીક ટ્રેનોના સંચાલનમાં અસ્થાયી ફેરફાર

યાત્રીઓને જાણ કરવામાં આવે છે કે પશ્ચિમ રેલવેના મુંબઈ ઉપનગર વિસ્તારમાં છઠ્ઠી લાઈનના કમિશનિંગ કાર્ય માટે ટ્રાફિક તથા પાવર બ્લોક લેવામાં આવી રહ્યો છે. આ કાર્ય રેલ અવસંરચનાને મજબૂત બનાવવા તથા ભવિષ્યમાં વધુ સુચારુ રેલ સંચાલન સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવી રહ્યું છે.

ભાવનગર રેલવે મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું છે કે આ કાર્ય દરમ્યાન ભાવનગર રેલવે મંડળ સંબંધિત કેટલીક મેલ/એક્સપ્રેસ ટ્રેનોના સંચાલનમાં અસ્થાયી ફેરફાર કરવામાં આવ્યા છે. અસરગ્રસ્ત ટ્રેનોની વિગત નીચે મુજબ છેઃ—

૧. ટ્રેન નં. ૧૯૨૧૮ વેરાવળ–બાંદ્રા એક્સપ્રેસ તારીખ ૨૭.૧૨.૨૦૨૫ના રોજ ૦૧ કલાક રિશેડ્યૂલ રહેશે, એટલે કે વેરાવળથી ૦૧ કલાક મોડે રવાના થશે.

૨. ટ્રેન નં. ૧૯૨૧૮ વેરાવળ–બાંદ્રા એક્સપ્રેસ તારીખ ૧૦.૦૧.૨૦૨૬ના રોજ ૪૫ મિનિટ રિશેડ્યૂલ રહેશે, એટલે કે વેરાવળથી ૪૫ મિનિટ મોડે રવાના થશે.

૩. ટ્રેન નં. ૧૯૨૧૮ વેરાવળ–બાંદ્રા એક્સપ્રેસ તારીખ ૧૫.૦૧.૨૦૨૬ના રોજ ૪૫ મિનિટ રિશેડ્યૂલ રહેશે, એટલે કે વેરાવળથી ૪૫ મિનિટ મોડે રવાના થશે.

૪. ટ્રેન નં. ૧૯૨૧૮ વેરાવળ–બાંદ્રા એક્સપ્રેસ તારીખ ૧૬.૦૧.૨૦૨૬ના રોજ ૩૦ મિનિટ રિશેડ્યૂલ રહેશે, એટલે કે વેરાવળથી ૩૦ મિનિટ મોડે રવાના થશે.

૫. ટ્રેન નં. ૧૨૯૭૨ ભાવનગર–બાંદ્રા સુપરફાસ્ટ તારીખ ૨૭.૧૨.૨૦૨૫ના રોજ માર્ગમાં ૪૫ મિનિટ રિશેડ્યૂલ રહેશે, એટલે કે માર્ગમાં ૪૫ મિનિટ મોડું થશે.

૬. ટ્રેન નં. ૧૯૨૧૮ વેરાવળ–બાંદ્રા એક્સપ્રેસ તારીખ ૦૬.૦૧.૨૦૨૬ના રોજ માર્ગમાં ૧૫ થી ૨૦ મિનિટ રિશેડ્યૂલ રહેશે, એટલે કે માર્ગમાં ૧૫ થી ૨૦ મિનિટ મોડું થશે.

૭. ટ્રેન નં. ૧૯૨૧૮ વેરાવળ–બાંદ્રા એક્સપ્રેસ તારીખ ૦૭.૦૧.૨૦૨૬ના રોજ માર્ગમાં ૧૫ થી ૨૦ મિનિટ રિશેડ્યૂલ રહેશે, એટલે કે માર્ગમાં ૧૫ થી ૨૦ મિનિટ મોડું થશે.

૮. ટ્રેન નં. ૧૯૨૧૮ વેરાવળ–બાંદ્રા એક્સપ્રેસ તારીખ ૧૩.૦૧.૨૦૨૬ના રોજ માર્ગમાં ૧૫ થી ૨૦ મિનિટ રિશેડ્યૂલ રહેશે, એટલે કે માર્ગમાં ૧૫ થી ૨૦ મિનિટ મોડું થશે.

૯. ટ્રેન નં. ૧૯૨૧૮ વેરાવળ–બાંદ્રા એક્સપ્રેસ તારીખ ૧૪.૦૧.૨૦૨૬ના રોજ માર્ગમાં ૧૫ થી ૨૦ મિનિટ રિશેડ્યૂલ રહેશે, એટલે કે માર્ગમાં ૧૫ થી ૨૦ મિનિટ મોડું થશે.

૧૦. ટ્રેન નં. ૦૯૨૦૮ ભાવનગર–બાંદ્રા TOD સ્પેશિયલ તારીખ ૧૫.૦૧.૨૦૨૬ના રોજ માર્ગમાં ૨૦ મિનિટ રિશેડ્યૂલ રહેશે, એટલે કે માર્ગમાં ૨૦ મિનિટ મોડું થશે.

યાત્રીઓને વિનંતી છે કે મુસાફરી પૂર્વે NTES એપ, રેલવે પૂછપરછ (૧૩૯) અથવા અધિકૃત રેલવે વેબસાઈટ દ્વારા પોતાની ટ્રેનની સ્થિતિની ખાતરી કરી લેવી. આરક્ષિત યાત્રીઓને SMS એલર્ટ દ્વારા પણ માહિતી આપવામાં આવી રહી છે.

પશ્ચિમ રેલવે આ અસુવિધા બદલ યાત્રીઓની માફી માગે છે અને સહયોગની અપેક્ષા રાખે છે. કાર્ય પૂર્ણ થયા બાદ યાત્રીઓને વધુ સારી, સુરક્ષિત તથા સમયબદ્ધ રેલ સેવાઓનો લાભ મળશે.

વિવિધ શાખાઓના ૨૧ હજારથી વધુ વિદ્યાર્થીઓને દિક્ષાંત સમારંભમાં ડિગ્રી એનાયત કરાઈ ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ડૉક્ટરેટની ડિગ્રી મેળવી

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના ૭માં વાર્ષિક દિક્ષાંત સમારંભમાં સહભાગી બનતા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

## જ્ઞાનનો ઉપયોગ 'સ્વ'ના વિકાસની સાથે સમાજ અને માનવ જાતના કલ્યાણ માટે કરીએઃ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

પંચમહાલના વિંઝોલ સ્થિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો ૭મો દિક્ષાંત સમારંભ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો.




આ દિક્ષાંત સમારંભમાં વિવિધ શાખાઓના ૨૧ હજારથી વધુ વિદ્યાર્થીઓને દિક્ષાંત સમારંભમાં ડિગ્રી તથા સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓને ડૉક્ટરેટની ડિગ્રી પણ એનાયત કરવામાં આવી હતી.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ભારતની આઝાદીમાં યોગદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાની તથા સમાજ સુધારક શ્રી ગુરુ ગોવિંદને સ્મરણાંજલિ અર્પણ કરતાં જણાવ્યું હતું કે, શ્રી ગુરુ ગોવિંદે આદિવાસી સમાજમાં ચાલતા કુરિવાજો દૂર કરીને સમાજ સુધારણાનું કાર્ય કરીને યુવાનો માટે પ્રેરણારૂપ કાર્ય કર્યું છે. રાજ્યપાલશ્રીએ ગોલ્ડ મેડલ વિજેતાઓ સહિત તમામ ડિગ્રીધારક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં બહુમૂલ્ય યોગદાન આપનાર શિક્ષકો અને પોતાના સપનાઓને બાજુએ મૂકીને બાળકોના શિક્ષણ માટે સમર્પિત માતા-પિતાના ત્યાગને ગૌરવપૂર્વક યાદ કર્યા હતા. તૈત્તિરીય ઉપનિષદના ઉપદેશનો ઉલ્લેખ કરતાં રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને સત્ય, ધર્મ અને શિક્ષણના પાલન દ્વારા જ્ઞાનનો પ્રચાર કરવા અનુરોધ કરતાં ઉમેર્યું હતું કે, સત્ય પ્રકાશની જેમ અંધકારને દૂર કરે છે અને સત્યવાદી જીવન ભય-તણાવથી મુક્ત રાખે છે. તેમણે ઉપસ્થિત વિદ્યાર્થીઓને શુભકર્મ, વિવેક અને બુધ્ધિ કૌશલ્ય દ્વારા તેમણે મેળવેલા જ્ઞાનનો ઉપયોગ 'સ્વ' ના વિકાસની સાથે સમાજ અને માનવજાતના કલ્યાણ માટે કરવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, મનુષ્યનું જીવન ફક્ત રોટી, કપડાં અને મકાન મેળવવા પુરતું નથી. પરંતુ મનુષ્યની ખાસિયત તેની સહિષ્ણુતા, દયા અને પરોપકારમાં છે. જે વ્યક્તિ બીજાના દુઃખ-સુખને પોતાનું માને, તે જ સાચો મનુષ્ય છે. શિક્ષણનો હેતુ માનવતા અને નૈતિકતા જાગૃત કરવાનો હોવો જોઈએ. શ્રી ગુરુ ગોવિંદ યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં યુવા પદવીધારકોને સંબોધતા રાજ્ય કક્ષાના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, શિક્ષણનો સાચો હેતુ માત્ર રોજગારલક્ષી અક્ષરજ્ઞાન મેળવવાનો નહીં, પરંતુ ચારિત્ર્ય નિર્માણ દ્વારા સમાજ અને રાષ્ટ્રના ઘડતરમાં અમૂલ્ય યોગદાન આપવાનો છે. જીવનના આગામી દસ વર્ષોને કારકિર્દી નિર્માણ માટે અત્યંત મહત્વના ગણાવી તેમણે યુવાશક્તિને આહવાન કર્યું હતું કે, તેઓ કોઈપણ નકારાત્મક પ્રભાવમાં આવ્યા વિના પૂર્ણ પરિશ્રમથી પોતાની શક્તિનો ઉપયોગ રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે કરે. અંતમાં, તેમણે રાજ્યમાં સકારાત્મક વાતાવરણ ઊભું કરવા બદલ મીડિયાની ભૂમિકાને પણ બિરદાવી હતી અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ પદવીધારક યુવાનો આવતીકાલના સમૃદ્ધ ભારતના પાયાના પથ્થર બનશે. આ પ્રસંગે યુનિવર્સિટીના કુલપતિ શ્રી હરિભાઈ કટારિયાએ સ્વાગત પ્રવચન કરીને યુનિવર્સિટી ચાલી રહેલ વિવિધ પ્રવૃતિઓનો વાર્ષિક અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. યુનિવર્સિટીની ભૌતિક સુવિધા તથા શૈક્ષણિક, સંશોધન તથા રમતગમત તથા સાંસ્કૃતિક ક્ષેત્રેમાં આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરે ગૌરવ અપાવનાર અધ્યાપકો તથા વિદ્યાર્થીઓની માહિતી આપી હતી. તદુપરાંત કુલ સચિવશ્રી ડૉ અનિલ સોલંકીએ આભાર વિધિ કરી હતી. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ શ્રી ગુરુ ગોવિંદ યુનિવર્સિટીના ડિઝિટલ સ્ટુડીયોનું ઈ- લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મહાનુભાવો દ્વારા રાજ્યપાલશ્રીનું સુતરની માળા પહેરાવી પીઠોરા પેઈન્ટિંગનું સ્મૃતિચિન્હ આપીને સ્વાગત કર્યું હતું.

આ સમારોહમાં જિલ્લા પ્રભારી મંત્રીશ્રી રમેશભાઈ કટારા, રાજ્યસભા સાંસદ શ્રી જસવંતસિંહ પરમાર, ધારાસભ્યશ્રી નિમિષાબેન સુથાર, જિલ્લા કલેક્ટરશ્રી અજય દહિયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી. એમ. દેસાઈ, પોલીસ અધિક્ષકશ્રી હરેશ દુધાત સહિત કોલેજના ટ્રસ્ટી, આચાર્ય સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદમાં ફલાવર શોની ધમાકેદાર તૈયારી શરુ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ફલાવર શો-૨૦૨૬ માટે જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. ગુજરાતમાં અમદાવાદ શહેરના પ્રખ્યાત રિવરફ્રન્ટ પાર્ક અને અન્ય નિર્ધારિત સ્થળોએ રંગબેરંગી ફૂલોથી સજાવટ શરૂ થઈ ગઈ છે. દેશ-વિદેશમાંથી લાવવામાં આવેલા વિવિધ જાતિના ફૂલો, થીમ આધારિત ફ્લોરલ ડિઝાઈન અને આકર્ષક લાઈટિંગ થી શોને ખાસ બનાવવામાં આવશે.

ગુજરાતમાં અમદાવાદ શહેરના પ્રખ્યાત રિવરફ્રન્ટ પાર્ક અને અન્ય નિર્ધારિત સ્થળોએ રંગબેરંગી ફૂલોથી સજાવટ શરૂ થઈ ગઈ છે. આ ફલાવર શો જાન્યુઆરી ૨૦૨૬માં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાશે, જેમાં દેશ-વિદેશના રંગબેરંગી ફૂલો અને અદ્ભુત ફ્લોરલ સ્કલ્પચર્સનું પ્રદર્શન કરવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા લેવામાં આવેલા આ નિર્ણય પાછળ આગામી વર્ષે યોજાનારા ભવ્ય ઈન્ટરનેશનલ ફલાવર શો-૨૦૨૬ની તૈયારીઓ છે. AMC દ્વારા શો માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ફૂલોના શિલ્પો, ગાર્ડન ડિઝાઈન, બાળકો માટે પ્રવૃત્તિઓ અને ફોટોગ્રાફી ઝોન સામેલ રહેશે. ફલાવર શો (flower show) દરમિયાન શહેરવાસીઓ ઉપરાંત પ્રવાસીઓની મોટી સંખ્યામાં હાજરી રહેવાની અપેક્ષા છે.

# સર્પદંશથી સિંહણ "સમૃદ્ધિ"નું મોત, ૫ વર્ષમાં ૪ સિંહોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

એક તરફ સયાજીબાગ પ્રાણીસંગ્રહાલયમાં સફેદ વાઘની જોડીના આગમનથી ખુશીનો માહોલ હતો, ત્યાં બીજી તરફ એક અત્યંત દુખદ ઘટના સામે આવી છે. ઝેરી સાપ કરડવાને કારણે ૫ દિવસની સારવાર બાદ સિંહણ 'સમૃદ્ધિ'નું મોત નીપજ્યું છે. આ સાથે જ સયાજીબાગ હવે સિંહ વગરનું બન્યું છે, જે વન્યપ્રેમીઓ માટે મોટા આંચકા સમાન છે.

ગત સોમવારે બપોરના સમયે સયાજીબાગના સિંહના પિંજરામાં એક ઝેરી સાપ ઘૂસી આવ્યો હતો. સિંહણ સમૃદ્ધિની નજર સાપ પર પડતા બંને વચ્ચે થોડી ક્ષણો માટે ઝપાઝપી થઈ હતી. આ સંઘર્ષ દરમિયાન સાપે સિંહણને ડંખ માર્યો હતો. સાપનું ઝેર શરીરમાં ફેલાતા સમૃદ્ધિની હાલત લથડી હતી. ઘટનાની જાણ થતા જ ઝૂ વિભાગના કર્મચારીઓ અને ડોક્ટરોની ટીમ હરકતમાં આવી હતી. સિંહણને બચાવવા માટે સતત ૫ દિવસ સુધી સઘન સારવાર આપવામાં આવી. કુલ ૧૨ જેટલા ઝેર વિરોધી ઈન્જેક્શન અને બોટલ ચડાવવામાં આવ્યા.ગુરુવાર સુધી તબિયતમાં થોડો સુધારો જણાતો હતો, પરંતુ શુક્રવારે અચાનક ખેંચ આવતા સમૃદ્ધિએ દમ તોડ્યો હતો.

વડોદરાના આ ઐતિહાસિક પ્રાણીસંગ્રહાલયમાં છેલ્લા ૫ વર્ષમાં સિંહોના મોતે પ્રાણીપ્રેમીઓમાં ચિંતા જન્માવી છે. છેલ્લા પાંચ વર્ષનો ટ્રેક રેકોર્ડ ડરામણો છે.

૨૦૨૧: ગેલ નામની સિંહણનું મોત
૨૦૨૨: સમ્રાટ સિંહનું મોત
૨૦૨૩: કુંવર સિંહનું મોત
૨૦૨૫: સમૃદ્ધિ સિંહણનું મોત

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# વિક્લી માર્કેટ રિપોર્ટ: સપ્તાહ દરમિયાન કોટનના વાયદામાં સેંકડા વધ્યા: એલચી, મેન્થા તેલના વાયદાઓમાં સીમિત સુધારો

**સોના-ચાંદીના વાયદાઓ ઓલ ટાઈમ હાઈ સ્તરે પહોંચ્યા: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૮૫ની નરમાઈ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૫૯૭૧૩.૨૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૯૫૩૮૬૪.૧૩ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૭૭૨૧૬.૧૨ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૩૦૬૫ પોઈન્ટના સ્તરે**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૧૨થી ૧૮ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૩૪૧૩૬૬૫.૫૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૫૯૭૧૩.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૯૫૩૮૬૪.૧૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૮૫. કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ.૩.૨૨ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૩૦૬૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં સપ્તાહ દરમિયાન કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૨૦૯૫.૧૭ કરોડનું થયું હતું.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૭૭૨૧૬.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૨૪૪૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૩૫૫૯૦ના ઓલ ટાઈમ હાઈ સ્તર અને નીચામાં રૂ.૧૩૨૨૭૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૨૪૬૯ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૦૫૨ વધી રૂ.૧૩૪૫૨૧ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૧૮૯૯ વધી રૂ.૧૦૭૬૦૫ થયો હતો. ગોલ્ડ-પેટલ ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨૦૩ વધી સપ્તાહના અંતે રૂ.૧૩૪૪૨ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૭૯ વધી રૂ.૧૩૨૬૮૪ના ભાવે સપ્તાહના અંતે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૧૩૩૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૩૩૮૭૦ના ઓલ ટાઈમ હાઈ સ્તર અને નીચામાં રૂ.૧૩૦૬૮૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૧૧૩૭ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૧૮૧૮ વધી રૂ.૧૩૨૯૫૫ના ભાવે બંધ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૯૬૯૫૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૨૦૭૮૩૩ના ઓલ ટાઈમ હાઈ સ્તરને સ્પર્શી અને નીચામાં રૂ.૧૯૦૦૭૭ના મથાળે અથડાઈ, રૂ.૧૯૮૯૪૨ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૪૬૨૩ વધી રૂ.૨૦૩૫૬૫ના સ્તરે પહોંચ્યો હતો. સપ્તાહના અંતે કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫૦૫૪ વધી રૂ.૨૦૪૨૬૪ થયો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૫૦૪૬ વધી રૂ.૨૦૪૨૬૯ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો.




બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૫૪૯૧.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે કિલોદીઠ તાંબું ડિસેમ્બર વાયદો ૧૫ પૈસા ઘટી રૂ.૧૧૧૧.૭ના સ્તરે પહોંચ્યો હતો. જસત ડિસેમ્બર વાયદો રૂ.૧૭.૬૫ ઘટી રૂ.૩૦૨.૪૫ના સ્તરે સપ્તાહના અંતે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ ડિસેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૧.૫ વધી રૂ.૨૮૨.૨ના ભાવે બોલાયો હતો. સીસું ડિસેમ્બર વાયદો ૫૦ પૈસા ઘટી સપ્તાહના અંતે રૂ.૧૮૧.૪ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૪૬૯૫૫.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે એમડબલ્યુએચદીઠ રૂ.૩૭૨૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૩૮૨૦ અને નીચામાં રૂ.૩૬૪૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૫૭ વધી રૂ.૩૭૯૦ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૫૨૭૭ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૨૭૭ અને નીચામાં રૂ.૫૦૩૮ના મથાળે અથડાઈ, રૂ.૫૧૯૯ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૮૫ ઘટી રૂ.૫૧૧૪ થયો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો સપ્તાહના અંતે રૂ.૮૭ ઘટી રૂ.૫૧૧૬ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨૪.૯ ઘટી રૂ.૩૫૬.૨ના ભાવે સપ્તાહના અંતે બંધ થયો હતો. નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો સપ્તાહના અંતે રૂ.૨૫ ઘટી રૂ.૩૫૬.૩ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૦૯.૫ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૩.૯ વધી રૂ.૯૪૪.૯ના સ્તરે પહોંચ્યો હતો. કોટન ડિસેમ્બર વાયદો રૂ.૧૦૦ વધી રૂ.૨૫૨૬૦ના ભાવે બંધ થયો હતો. એલચી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૨૬૨૦ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૨ વધી રૂ.૨૬૬૩ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૮૭૭૩૨.૦૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૮૯૪૮૪.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૨૮૨૫૭.૬૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧૮૧.૦૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૦.૭૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૮૨૧.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૬૮.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૭૬૦.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૮૧૨૬.૯૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૨.૯૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે સોનાના વાયદાઓમાં ૧૪૩૧૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૩૪૯૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૬૨૦૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૯૦૫૮૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૯૪૪૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૨૮૮૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૯૪૩૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૫૭૬૭૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૮૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૧૪૩૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૧૬૧૩૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૩૨૬૩૨ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૩૩૩૭૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૨૦૮૬ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૫૦૨ પોઈન્ટ વધી ૩૩૦૬૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

## ભાજપના આગેવાન જયદીપ જલુની સ્કુલની બેદરકારીમાં માસુમનો જીવ ગયો

**ભાજપના આગેવાન એટલે નિયમો થોડા લાગે ? ન પોલીસ બંદોબસ્ત ન તો આરટીઓ કચેરીમાં વાહન ફીટનેશ કરાવ્યુ**

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં ભાજપના આગેવાન એવા જયદીપ જલુ ની નવયુગ સ્કુલે સોમનાથ-સાસણના પ્રવાસ ગોઠવ્યો અને તારીખ ૧૯ ડીસેમ્બર ના રોજ ૧૫૦ થી વધુ વિદ્યાર્થી અને ૧૪ શિક્ષકને ૩ બસમાં સવાર થઈ નિકળી પણ પડયા અને સાસણના રીસોર્ટમાં પહોચ્યા જયાં સ્વીમીંગ પુલમાં ન્હાવા પડેલા ધો.૮ ના વિદ્યાર્થીનુ ડુબી જવાથી કરૂણ મોત થઈ જતા મામલો વિવાદમાં આવી ગયો છે અને મૃતક બાળકના મોત થી પરીવાર ભાંગી પડયો છે અને તેઓનુ રૂદન ભલ ભલાના કાળજા કંપાવી ગયુ,




હવે જે માતા પિતા પોતાના બાળકને પુરા વિશ્વાસ સાથે સ્કુલ મેનેજમેન્ટને સોંપે છે ત્યારે આ બાળકની સુરક્ષાની જવાબદારી કોની ? આ સવાલ સૌ સ્કુલ મેનેજમેન્ટને પુછી રહ્યા છે. પ્રવાસમાં બાળકોનુ ધ્યાન રાખવા સાથે ગયેલા શિક્ષકો અને ભાજપ આગેવાન એવા સ્કુલ સંચાલકની જવાબદારી સામે સવાલ ઉઠયા છે. એક લીટીમાં કહી શકાય કે આ ગંભીર બેદરકારી છે. ઉછળકુદ કરતા બાળકોનુ શિક્ષકોએ ધ્યાન આપવુ જોઈએ અને વિદ્યાર્થીઓ સ્વીમીંગ પુલ તરફ ગયા અને ન્હાવા પડયા ત્યાં સુધી ધ્યાન કેમ ન ગયુ ? આ બધા સવાલો વાલીઓમાં ઉઠી રહ્યા છે. તો બીજી તરફ સૌથી મુદ્દાની વાત ભાજપ સરકાર દ્વારા જારી કરાયેલા નિયમોનુ પાલન કરાયુ નથી, નિયમ મુજબ સ્કુલ સંચાલક દ્વારા પોલીસ પાસે બંદોબસ્ત માંગવાનો હોય છે તેના બદલે માત્ર જાણ કરવામાં આવી હતી. તો બીજી તરફ આરટીઓ કચેરીમાં પણ વાહનનુ ફીટનેશ ચેક કરાવવામાં ન આવ્યુ હોવાની વાત પણ બહાર આવી છે. જો કોઈ અકસ્માત થયો હોત તો શું થાત એ પણ વિચારવામાં આવ્યુ ન હતું.

તો બીજી તરફ સૌરાષ્ટ્ર કોંગ્રેસ પ્રવકતા દ્વારા આ મામલે સ્કુલની માન્યતા રદ કરવાની સાથે વિદ્યાર્થીના પરીવારજનોને રૂપીયા ૫૦ લાખની આર્થિક સહાય આપવાની માંગ કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ રાજકોટ સ્થિત ભાજપના આગેવાન જયદીપ જલુ ની નવયુગ સ્કુલ દ્વારા પ્રવાસનુ આયોજન કરાયુ હતું. તે દરમિયાન સાસણ પાસે આવેલા ધ ગીર ગેટ વે રીસોર્ટમાં બાળકોને લઈ જવાયા હતા. જયાં ભોજન કક્ષમાંથી બાળકો બહાર નિકળ્યા ત્યારે સ્વીમીંગ પુલમાં ન્હાવા પડેલા ધો.૮ માં અભ્યાસ કરતા ૧૩ વર્ષીય હાર્દિક મુકેશભાઈ બારૈયા નામનો બાળક અચાનક ડુબી જતા હોટલના સ્ટાફ અને શિક્ષકો દ્વારા તેને તાત્કાલીક પાણીમાંથી બહાર કાઢીને તાલાલા સરકારી હોસ્પીટલમાં લઈ જવાયો હતો. જયાં ફરજ પરના ડોકટરે તેને મૃત જાહેર કરતા ભારે અરેરાટી પ્રસરી ગઈ હતી. આ કરૂણ ઘટનાને પગલે પ્રવાસ માતમમાં ફેરવાઈ ગયો અને ગમગીની છવાઈ ગઈ તો બીજી તરફ ઘટનાની જાણ થતાં જ હાર્દિકના માતા પિતા રાજકોટ થી તાલાલા આવી પહોચ્યા હતા અને હોસ્પીટલમાં જયારે માતા પિતાએ પોતાના વ્હાલસોયા પુત્ર હાર્દિક નો મૃતદેહ જોયો ત્યારે તેઓ ભાંગી પડયા હતા અને તેમના હૈયાફાટ રૂદનથી ત્યાં હાજર દરેકની આંખો માં આંસુ આવી ગયા હતા. આમ સ્કુલ ઉપર ભરોસો કરી પોતાના લાડકવાયાને પ્રવાસે મોકલતા પુત્ર ગુમાવનાર માતા પિતાની વેદના સૌને રડાવી ગઈ હતી.

આ ઘટનાબાદ વિસાવદર એસીપી રોહિત ડાંગર, તાલાલા મામલતદાર અને પીઆઈ સહિતનો કાફલો હોસ્પીટલ દોડી આવ્યો હતો. જયાં મૃતક સગીર વયનો હોવાથી મામલતદારની હાજરીમાં પેનલ પોસ્ટમોર્ટમ હાથ ધરવામાં આવ્યુ હતું. મૃતકના પિતાએ જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે. આ ઘટનાએ ભારે ચર્ચા જગાવી છે અને અન્ય શાળાના બાળકોના પ્રવાસમાં મોકલવા કે કેમ ? તે અંગે વાલીઓ મુંઝવણમાં મુકાયા છે.

## સુરેન્દ્રનગરમાં ગેરકાયદે લીલા લાકડાની હેરાફેરીનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાંથી ફરી એકવાર ગેરકાયદે વેપાર ઝડપાયો છે. આ વખતે સુરેન્દ્રનગરમાં ગેરકાયદે લીલા લાકડાની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. માહિતી પ્રમાણે જિલ્લામાં નાયબ કલેક્ટરે મોડી રાત્રે મોટી કાર્યવાહી શરૂ કરી જેમાં લીલા લાકડાની હેરાફેરીનો પર્દાફાશ કર્યો, આ કાર્યવાહીમાં ૧૫ ટ્રક સાથે ૨.૪૦ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો, આમાં ૧૫ આઈસર અને ટ્રક સહિતના વાહનો જપ્ત કરવામાં આવતા જિલ્લામાં હડકંપ મચી ગયો છે. સુરેન્દ્રનગર નાયબ કલેક્ટરે ફરી એક મોટી કાર્યવાહી કરી છે, સુરેન્દ્રનગરમાં ગેરકાયદે લીલા લાકડાની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે, આ કાર્યવાહી બાદ જિલ્લામાં ગેરકાયદે વેપાર કરતા શખ્સો ડઘાઈ ગયા છે. માહિતી પ્રમાણે, સુરેન્દ્રનગર જિલ્લામાં નાયબ કલેક્ટરે ગઈ મોડીરાત્રે ચોટીલા-રાજકોટ નેશનલ હાઈવે પર અચાનક કાર્યવાહી કરી, જ્યા ગેરકાયદેસર લીલા લાકડાની હેરાફેરી કરતી ૧૫ આઈસર અને ટ્રક જપ્ત કરવામાં આવી હતી, રાત્રીના ૧૨ વાગ્યેથી સવારના ૪ વાગ્યા સુધી હાથ ધરાયેલી આ તપાસમાં કૂલ ૨.૪૦ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ પકડાયેલા વાહનો પાસે કોઈ પ્રકારની પરવાનગી, વાહતુક પાસ કે લાકડા કાપવાની મંજૂરી ન હતી, તેના વિના જ લીલા લાકડાની હેરાફેરી કરતા હતા, આ તમામ ગેરકાયદેસર પ્રવૃત્તિ સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારો ૧૯૫૧ ઉલ્લંઘન છે, જપ્ત કરાયેલા ૧૫ વાહનો સહિતનો મુદ્દામાલ ચોટીલા મામલતદાર કચેરી ખાતે ખસેડવામાં આવ્યો છે. ગુજરાતમાં અનેક ઠેકાણે બુટલેગરો અને અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામો તોડીને સરકારી જમીનને ખુલ્લી કરવામાં આવી રહી છે. જ્યાં પણ ગેરકાયદે દબાણો ખડકી દેવામાં આવ્યા છે ત્યાં તંત્રનુ બુલડોઝર ફરી વળ્યું છે.

સુરેન્દ્રનગરના થાનગઢ શહેર ભાજપ પ્રમુખ મુળુભા ગઢવીએ નાયબ કલેક્ટરને ભૂમાફિયાનું બાંધકામ નહીં તોડવા બે હાથ જોડીને વિનંતી કરી હતી. સુરેન્દ્રનગરના થાનગઢના ભડુલામાં ભૂમાફિયા ભરત અલગોતર દ્વારા ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું હતું.






## હવે રાજયની ગ્રાન્ટેડ શાળાઓ મામલે સંખ્યાના આધારે વિભાગ દ્વારા ગ્રાન્ટ આપવામાં આવશે

**શહેરમાં ૮૦ ટકા હાજરી ફરજીયાત છે: જો ૬૦ ટકા થી ઓછી હશે તો ૧૦૦ ટકા ગ્રાન્ટ બંધ થશે: ગામડામાં ૫૫ ટકા હાજરી જરૂરી છે: ૪૦ ટકાથી ઓછી હશે તો ગ્રાન્ટ સદંતર બંધ કરી દેવામાં આવશે**

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના શિક્ષણ વિભાગે રાજયની ગ્રાન્ટેડ શાળાઓ માટે કડક વલણ અપનાવ્યુ છે. હવેથી શાળાઓને મળતી સરકારી સહાય એટલે કે ગ્રાન્ટનો સીધો આધાર વિદ્યાર્થીઓની હાજરી પર રહેશે.



લઘુમતિ શાળાઓ સહિત તમામ ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે. જો વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સંખ્યા નિયત ટકાવારી કરતા ઓછી હશે તો શાળાની ગ્રાન્ટમાં મોટો કાપ મુકવામાં આવશે. જે ૧૦૦ ટકા સુધી પણ હોઈ શકે છે, રાજય સરકાર દ્વારા શિક્ષણની ગુણવત્તા સુધારવા અને શાળાઓમાં વિદ્યાર્થીઓની નિયમિતતા વધારવા માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી ગ્રાન્ટેડ શાળાઓને વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે ગ્રાન્ટ મળતી હતી, પરંતુ હવે તેમાં હાજરીના ધોરણો ઉમેરવામાં આવ્યા છે. શિક્ષણ વિભાગે જાહેર કરેલા પરીપત્ર મુજબ શહેરી અને ગ્રામ્ય બંને વિસ્તારો માટે અલગ અલગ માપદંડો નકકી કરવામાં આવ્યા છે. શહેરી વિસ્તારો માટે કડક નિયમ બનાવવામાં આવ્યા છે. શહેરી વિસ્તારમાં આવેલી ગ્રાન્ટેડ શાળાઓ માટે નિયમો વધુ કડક બનાવવામાં આવ્યા છે.

વિદ્યાર્થીઓની ૮૦ ટકા હાજરી ફરજીયાત કરવામાં આવી છે. જો હાજરીનુ પ્રમાણ ૮૦ ટકા કરતા ઓછુ હશે તો મળવાપાત્ર ગ્રાન્ટમાંથી ૨૫ ટકા રકમ કાપી લેવામાં આવશે. સૌથી મહત્વની વાત એ છે કે જો શહેરી વિસ્તારની કોઈ શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ૬૦ ટકા કરતા પણ ઓછી નોંધાશે તો તે શાળાની ૧૦૦ ટકા ગ્રાન્ટ કાપી લેવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારો માટેના નિયમો ગામડાઓની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને ત્યાં થોડી રાહત આપવામાં આવી છે. છતાં નિયમોનુ પાલન કરવુ અનિવાર્ય છે. ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં વિદ્યાર્થીઓની ૫૫ ટકા હાજરી ફરજીયાત રાખવામાં આવી છે. જો કોઈ ગ્રામ્ય શાળામાં હાજરીનુ પ્રમાણ ૪૦ ટકા કરતા ઓછુ જોવા મળશે તો સરકાર દ્વારા કડક કાર્યવાહી કરીને તેમની ૧૦૦ ટકા ગ્રાન્ટ અટકાવી દેવામાં આવશે. આ નિર્ણયનો મુખ્ય ઉદેશ માત્ર કાગળ ઉપર ચાલતી શાળાઓ ઉપર લગામ લગાવવાનો અને વિદ્યાર્થીઓ વર્ગ ખંડ સુધી પહોચે તે સુનિશ્ચિત કરવાનો છે. હવે સંચાલકોએ ગ્રાન્ટ મેળવવી હશે તો વિદ્યાર્થીઓને શાળાએ લાવવા માટે વિશેષ પ્રયત્નો કરવા પડશે.

# ભાજપ આજના સમયમાં નવા અંગ્રેજોઃ ૨૦૨૭માં પરીવર્તન નકકીઃ મધ્ય ગુજરાતમાં કોંગ્રેસનો હુંકાર

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સત્તાધારી ભાજપ સરકારની નિતિઓ અને વહિવટી નિષ્ફળતા સામે જનતાનો અવાજ બુલંદ કરવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસે હવે મધ્ય ગુજરાતને પોતાનુ કેન્દ્ર બનાવ્યુ છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની આગેવાની હેઠળ આજે તારીખ ૨૦ ડીસેમ્બર થી જન આક્રોશ યાત્રાના બીજા તબકકાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે આગામી ૬ જાન્યુઆરી સુધી મધ્ય ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ભ્રમણ કરશે.

અમિત ચાવડાએ ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યુ હતુ કે સમગ્ર ગુજરાત આજે ભાજપની ડબલ એન્જીન સરકારની જન વિરોધી નીતિઓથી ત્રસ્ત છે. આ યાત્રા જનતાની પીડા અને આક્રોશને વાચા આપવા માટે છે. તેમણે આ યાત્રાને માત્ર એક પ્રવાસ નહી પરંતુ ૨૦૨૭ માં પરીવર્તનનો શંખનાદ ગણાવ્યો હતો. અમિત ચાવડાએ રાજયમાં વધતી જતી બેરોજગારી અને નશીલા દ્રવ્યો ના પ્રસાર પર ચિંતા વ્યકત કરી હતી. તેમણે વધુમાં કહ્યુ હતુ કે યુવાનો ડીગ્રી લઈને ફરે છે પણ રોજગારી મળતી નથી.



સરકારે રોજગાર કે શિક્ષણ માટે એક પણ મજબુત કાયદો બનાવ્યો નથી. ગુજરાતનુ યુવા ધન આજે ડ્રગ્સના રવાડે ચડી ગયુ છે. જેના માટે સરકારની નિષ્ફળતા જવાબદાર છે. મનરેગા જેવી યોજનાઓમાં વ્યાપક કૌભાંડો જોવા મળે છે અને હજારો મજુરોને તેમના હક્કનો અન્યાય થઈ રહ્યો છે. ખેડુતોની સ્થિતિ અંગે બોલતા તેમણે કહ્યુ હતુ કે મોસાળમાં મા પીરસનારી હોય તો પણ આજે રાજયની જનતા ભુખી છે. તેવી સ્થિતિ છે. ચાવડાએ વધુમાં કહ્યુ હતુ કે કેન્દ્રમાં જયારે યુપીએ સરકાર હતી ત્યારે ખેડુતોના દેવા માફ કરવામાં આવતા હતા. પરંતુ હાલની સરકારમાં ખેડુતો પાયમાલ થઈ રહ્યા છે. કોગ્રેસે ખેડુતોના સંપૂર્ણ દેવા માફ કરવાની જોરદાર માંગ કરી છે. દુધ ઉત્પાદકોને તેમની મહેનત મુજબ યોગ્ય ભાવ મળતા નથી, જેના કારણે ગ્રામિણ અર્થતંત્ર ભાંગી રહ્યુ છે. ભરતસિંહ સોલંકીએ સંબોધતા કહ્યુ હતુ કે ભારતમાં લોકશાહી ખતમ કરીને સરમુખત્યારશાહી શરૂ કરવામાં આવી રહી છે. વડાપ્રધાન મોદી અગાઉ વિધાનસભામાં કહેતા હતા કે હું જયાં કોગ્રેસને લઈ જવા માંગુ છુ ત્યાં લઈ જઈશ, પરંતુ હવે જનતા તેમને પાઠ ભણાવવા તૈયાર છે. તેમણે અમિત શાહના ૧૫ વરસ સુધી કેન્દ્રમાં સત્તા જાળવી રાખવાના નિવેદન પર કટાક્ષ કરતા કહ્યુ હતુ કે આ અહંકારી ભવિષ્યવાણી હવે ખોટી પડવાની શરૂઆત થઈ ગઈ છે. ભાજપની કાર્યશૈલી પર પ્રહાર કરતા સોલંકીએ તેને બ્રિટીશ સાશન સાથે સરખાવ્યુ હતું. તેમણે ભાજપને નવા અંગ્રેજો ગણાવ્યા અને વિશ્વાસ વ્યકત કર્યો કે કોગ્રેસની સર્વગ્રાહી વિચારધારા જ ભાજપની ભાગલાવાદી વિચારધારાને હરાવશે.

ગાંધીના ગુજરાતમાંથી આવતા નેતાઓ યોજનાઓમાંથી મહાત્મા ગાંધીનુ નામ હટાવી રહ્યા છે. સોલંકીએ વધુમાં કહ્યુ કે ગાંધીજીનુ નેતૃત્વ સર્વોત્તમ હતુ કારણ કે તેમણે દરેક સમાજ અને વર્ણને એક સાથે જોડયા હતા.

## નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને સોનીયા ગાંધીને રાહત મળતા સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસે ભાજપ કાર્યાલય સામે વિરોધ પ્રદર્શન કર્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

નેશનલ હેરાલ્ડ કેસમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી અને સોનીયા ગાંધીને રાહત મળતા સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસે ભાજપ કાર્યાલય સામે વિરોધ પ્રદર્શન કર્યુ હતુ, કાર્યકરો કોંગ્રેસ કાર્યાલય ખાતે ભેગા થઈ રેલી સ્વરૂપે ભાજપ કાર્યાલય સુધી પહોચ્યા હતા. પ્રદર્શન દરમિયાન કોગ્રેસના કાર્યકરોએ સરકાર વિરોધી તથા ભાજપ હાય હાય ના નારા લગાવ્યા હતા. કોંગ્રેસનો આક્ષેપ હતો કે ભાજપે બંને નેતાઓને ખોટી રીતે કેસમાં ફસાવ્યા હતા પરંતુ અદાલતમાં કલીનચીટ મળતા કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ભાજપ કાર્યાલય પાસે પહોચતા વાતાવરણ તંગ બન્યુ હતુ, કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ અને ઝપાઝપી બાદ પોલીસે પરીસ્થિતિ પણ કાબુ મેળવી ચુસ્ત



બંદોબસ્ત ગોઠવ્યો હતો. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રામસિંહ સોલંકીએ જણાવ્યુ હતુ કે ભાજપ સરકારે ઈડીનો દુરુપયોગ કરી કોંગ્રેસના રાષ્ટ્રીય નેતૃત્વને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ નામદાર કોર્ટે સોનીયા ગાંધી અને રાહુલ ગાંધીને નિર્દોષ જાહેર કર્યા છે. તેમણે ચેતવણી આપી હતી કે ભવિષ્યમાં કોંગ્રેસના કોઈ નેતાને નિશાન બનાવાશે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

# અમદાવાદના પાલડીમાં રસ્તા વચ્ચે મહિલાને લાફો મારનાર હેડ કોન્સ્ટેબલ સસ્પેન્ડઃ વિડીયો વાયરલ થયા બાદ કાર્યવાહી

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરની પ્રજા જે પોલીસ પાસે રક્ષણની આશા રાખે છે તે જ પોલીસ હવે પ્રજા પર દાદાગીરી પર ઉતરી આવી હોય તેવો એક શરમજનક કિસ્સો બનવા પામ્યો છે. શહેરના પાલડી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક પોલીસકર્મીએ સામાન્ય બાબતમાં ઉશ્કેરાઈ જઈને એક મહિલા પર હાથ ઉઠાવ્યો હોવાની ગંભીર ઘટના બની હતી. જેનો વિડીયો સમગ્ર રાજયમાં પુરજોશમાં વાયરલ થયો હતો.

આ મામલાની ગંભીરતા જોતા હેડ કોન્સ્ટેબલને તાત્કાલીક અસરથી ફરજ મોકુફ (સસ્પેન્ડ) કરવામાં આવ્યા છે. તો બીજી તરફ મહિલા દ્વારા ટ્રાફીક નિયમનમાં અડચણ ઉભી કરવા બદલ તેમની સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર પાલડી પોલીસ સ્ટેશનમાં જયંતી ઝાલા નામના પોલીસકર્મી ફરજ બજાવે છે. આ દરમિયાન એક મહિલાના આઈડી કાર્ડની આપ-લે કરતી વખતે સીઆઈડી કાર્ડ નીચે પડી ગયુ હતુ. આ સામાન્ય બાબતે પોલીસકર્મી જયંતી ઝાલાએ પોતાનો પિત્તો ગુમાવ્યો હતો અને ખાખી વરદીનો પાવર બતાવીને મહિલા સાથે દાદાગીરી શરૂ કરી હતી. વાત એટલી હદે વણસી ગઈ હતી કે પોલીસકર્મીએ મહિલાનુ સન્માન જાળવવાને બદલે તેના પર હાથ ઉઠાવી દીધો હતો.

ડીસીપીએ મીડીયાને માહિતી આપતા જણાવ્યુ હતુ કે આ ઘટનાને ગંભીરતાથી લઈ તાત્કાલીક અસરથી હેડ કોન્સ્ટેબલને ફરજ મોકુફ (સસ્પેન્ડ ) કરવામાં આવ્યા છે. પોલીસ વિભાગ દ્વારા શિસ્તભંગના કિસ્સામાં કોઈપણ પ્રકારની બાંધછોડ કરવામાં આવશે નહી, તેવો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે. જો કે આ મામલે માત્ર પોલીસકર્મી જ નહી પરંતુ મહિલા સામે પણ કાયદેસરની



કાર્યવાહી કરવામાં આવી છે. મહિલા દ્વારા ટ્રાફીક નિયમનમાં અડચણ ઉભી કરવા બદલ તેમની સામે ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. એટલુ જ નહી મહિલાએ ભુતકાળમાં આવુ વર્તન કર્યુ છે કે કેમ તે અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે.

ડીસીપી પોલીસની કામગીરી અંગે વાત કરતા ડીસીપી ભાવનાબેન પટેલે નિખાલસતા થી સ્વીકાર્યુ હતુ કે પોલીસ કોન્સ્ટેબલની થોડી ઘણી ભુલ છે એ હું માનુ છુ, તેમણે વધુમાં ઉમેર્યુ હતુ કે પોલીસ પ્રજાનો મિત્ર છે અને પોલીસે હંમેશા નાગરીકો સાથે પ્રેમ અને શાંતિ થી વર્તાવુ જોઈએ, આઘાતજનક બાબત તો એ છે કે જયારે ભોગ બનનાર મહિલા પોતાની સાથે થયેલા અન્યાય બદલ ફરીયાદ કરવા માટે પાલડી પોલીસ સ્ટેશનમાં રજુઆત કરી ત્યારે ત્યાં તેની ફરીયાદ પણ લેવામાં આનાકાની કરવામાં આવી હતી. પોલીસ સ્ટેશનની અંદર જ પોલીસકર્મી દ્વારા મહિલા સાથે થયેલા આ દુર્વ્યવહારને કારણે પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. અમદાવાદ પોલીસે સોશીયલ મીડીયા પ્લેટફોર્મ એકસ પર આ ઘટનાની વિગતો શેર કરતા જણાવ્યુ હતુ કે જયારે વાહન ચેકીંગ ચાલી રહ્યુ હતુ ત્યારે રોંગ સાઈડમાં આવેલા વાહનને રોકતા ઘર્ષણનો બનાવ બન્યો હતો.

આ મામલે એન ટ્રાફીક પોલીસ સ્ટેશને ગુન્હો નોંધ્યો છે. આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૮૧, ૨૨૧, ૨૯૬ (બી) ૩૫૧(૧), તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૭૭ અને ૧૮૪ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. વધુમાં પોલીસે સ્પષ્ટતા કરી છે કે આ મામલે મહિલાને પાલડી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા માટે જણાવવામાં આવ્યુ હતું. પરંતુ ત્યારે તેમણે ફરીયાદ આપી ન હતી. આ બાબતની જાણ સ્ટેશન ડાયરીમાં કરવામાં આવી હતી. જો કે ત્યારબાદ તે બહેને પાલડી પોલીસ સ્ટેશન ખાતે અરજી આપી હતી. હાલ પોલીસ દ્વારા તેમની અરજીના આધારે આગળની તપાસ ચલાવવામાં આવી રહી છે. આ મામલે વિવાદ વધતા ગૃહમંત્રાલય સુધી પહોચતા કડક કાર્યવાહીના નિર્દેશ આપી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે આ ઘટના બહાર આવ્યા બાદથી ચારેકોર પોલીસ કર્મચારીની આકરી ટીકા કરવામાં આવી રહી છે.

## ગાંધીનગરમાં મંગળ-બુધ પોલીસની ચિંતન શિબિરઃ એસપી અને સીપી સહિતના અધિકારીઓની ઉપસ્થિતિ

### શહેર / જિલ્લામાં ક્રાઈમ રેટ, સાયબર ફ્રોડ, ડ્રગ્સ વિરોધી ડ્રાઈવ વગેરે સહિતના મુદ્દાઓ પર થશે ચર્ચા

પ્રતિનિધિ,ગાંધીનગર

હાલમાં નવેમ્બરમાં વલસાડના ધરમપુર ખાતે રાજય સરકાર દ્વારા ચિંતન શિબિરનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ ચિંતન શિબિરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મંત્રી મંડળના સભ્યો તેમજ ઉચ્ચ વહિવટી અધિકારીઓ હાજર રહ્યા હતા અને ૩ દિવસ માટે અનેક વિષયો પર ચર્ચા કરી હતી.

ત્યારે હવે આગામી સપ્તાહે રાજયના પોલીસ અધિકારીઓ માટે સ્ટેટ કોન્ફરન્સનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે એક ચિંતન શિબિર તરીકે માનવામાં આવી રહી છે. આ શિબિર ગાંધીનગરમાં જ યોજાશે તેવુ જાણવા મળી રહ્યુ છે. આ કોન્ફરન્સમાં સુરત, રાજકોટ, અમદાવાદ અને વડોદરા ના પોલીસ કમિશ્નર તેમજ રાજયના તમામ જિલ્લાઓના પોલીસવડા, રેન્જ આઈજી, વિભાગના ડીજી તથા એડીજી ઉપસ્થિત રહેશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને આ કોન્ફરન્સ યોજાશે.



તારીખ ૨૩ અને ૨૪ ડીસેમ્બર ના આ કાર્યક્રમ ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ માં યોજાશે, જેમાં દરેક પોલીસ કમિશ્નર અને જિલ્લા પોલીસવડા ને એક પ્રેઝન્ટેશન આપવા માટે જણાવાયુ છે. જેના માટે પોલીસ કમિશ્નરને ૩૦ મીનીટ અને તમામ એસપી ને ૭ થી ૮ મીનીટ પર પોતાના શહેર અથવા જિલ્લામાં થતી કામગીરી અને ક્રાઈમ રેટ તેમજ આગામી પ્લાન અંગે પ્રેઝન્ટેશન માં કહેવાનુ રહેશે, રાજયમાં હાલ પોલીસ દ્વારા બેંક એકાઉન્ટ ભાડે આપવાનુ કૌભાંડ એટલે ઓપરેશન મ્યુલ ચલાવવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત ડ્રગ્સ વિરોધી ડ્રાઈવ કડક રીતે ચાલી રહી છે. જેમાં પાન પાર્લરોમાં વેચાતા ગો ગો રાઉન્ડ પેપર જપ્ત કરવામાં આવે છે અને હવે તેને રાખવા પર પ્રતિબંધ લદાયો છે.

આ સાથે પોતાના જિલ્લામાં થતી ગુન્હાહીત પ્રવૃત્તિ ડામવા શું છે રોડ મેપ તેના પર ચર્ચા થશે, આ શિબિર પહેલા ઓગસ્ટમાં યોજાવવાની હતી પણ તે સમયે ન થઈ શકતા હવે ડીસેમ્બર મહિનામાં યોજાઈ રહી છે. આ કોન્ફરન્સ તારીખ ૨૩ અને ૨૪ ડીસેમ્બર ના રોજ ગાંધીનગરમાં યોજાશે.

આગામી તારીખ ૨૩ અને ૨૪ ડીસેમ્બર ના રોજ ગાંધીનગર ખાતે પોલીસની ચિંતન શિબિર યોજાવવા જઈ રહી છે. જેમાં શહેર પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા, એડી.સીપી મહેન્દ્ર બગરીયા , ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા સહિતના તમામ ડીસીપી અને રાજકોટ ગ્રામ્ય એસપી વિજયસિંહ ગુર્જર પણ હાજર રહેશે. તેમજ સાબરકાંઠા જિલ્લા પોલીસવડા ડો.પાર્થરાજસિંહ ગોહિલ પણ હાજર રહેશે. તમામ અધિકારીઓ જિલ્લામાં થતા ક્રાઈમની લગત મુદ્દાઓની રૂપરેખા તૈયાર કરી છે. જે સરકાર સમક્ષ રજુ કરવામાં આવશે.

# સાબરકાંઠા જિલ્લા પ્રભારી મંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ અમલીકરણ અધિકારીઓ સાથે સમિક્ષા બેઠક કરી

### કામગીરી માટે ટાઈમ લાઈન આપવી એ અધિકારીઓની નૈતિક જવાબદારીઃ પ્રભારી મંત્રી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે જિલ્લા પ્રભારી મંત્રી અને સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ જિલ્લાના તમામ અમલીકરણ અધિકારીઓને કડક સુચના આપતા જણાવ્યુ હતુ કે તમામ અધિકારીઓ પોતાની જવાબદારી સમજીને પ્રો-એકિટવ કામગીરી કરે અને જાહેર જનતા માટે કામ કરે, જેથી નાગરીકોને સુશાસન (ગુડ ગવર્નન્સ ) ની પ્રતિતિ થાય, કલેકટર કચેરી સભાખંડ ખાતે યોજાયેલી ઉચ્ચ સ્તરીય સમિક્ષા બેઠકમાં અધ્યક્ષતા કરતા મંત્રીએ સ્પષ્ટ ટકોર કરી હતી કે અખબારોમાં આપણી નબળી કામગીરી પ્રકાશિત થાય પછી કામ થાય એના કરતા પહેલાથી જ સારી કામગીરી થવી જોઈએ,



સમિક્ષા બેઠકના પ્રારંભે મંત્રીએ જિલ્લાની વર્તમાન કામગીરી અને મુખ્ય સમસ્યાઓ બાબતે તમામ વિભાગના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે કામગીરીમાં ત્રૃટીઓ દેખાયા બાદ સુધારા કરવા કરતા પહેલાથી જ તે કામ સારી રીતે થવુ જોઈએ, આ ઉપરાંત કોઈપણ કામગીરી માટે ટુંક સમયની વ્યાખ્યા થવી જોઈએ અને કામગીરી પુર્ણ કરવા માટે યોગ્ય ટાઈમ લાઈન આપવી તે અધિકારીઓની નૈતિક જવાબદારી છે. તેમણે દરેક ઓફીસોમાં અને ખાસ કરીને નાગરીક સુવિધા કેન્દ્રો પર સ્વચ્છતા જળવાય તે માટે વિશેષ ધ્યાન આપવાની ટકોર કરી હતી. દિવ્યાંગોની સુવિધા માટે જિલ્લાની દરેક કચેરીઓમાં જરૂરી સુવિધાઓ અંગેના પ્રશ્નોનુ નિરાકરણ લાવવા પણ તેમણે અધિકારીઓને નિર્દેશ આપ્યો હતો. આ બેઠકમાં મંત્રીએ કૃષિ અને માળખાગત ક્ષેત્રના મહત્વના પ્રશ્નોની સમિક્ષા કરી હતી, જેમાં જિલ્લામાં યુરીયા અને ડીએપી ખાતર સપ્લાય અને વિતરણ વ્યવસ્થા, મગફળી અને કઠોળની ટેકાના ભાવે ખરીદી, ખેડુતોને પાક નુકશાની વળતર બાબતે તેમજ ખેડુતોના પ્રતિભાવ બાબતે ખેતીવાડી અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી.

માળખાગત વિકાસના પ્રશ્નોમાં સાબરકાંઠા જિલ્લામાં આવેલ ધરોઈ વિસ્તારમાં વિકાસ કાર્ય, પોશીના અને વિજયનગર બસસ્ટેન્ડ ના પ્રશ્ન, તારંગાહીલ, આબુ અંબાજી રોડ, ન્યુ બીજી રેલ્વે લાઈનની જમીન સંપાદનના પ્રશ્નો, નેશનલ હાઈવે ૫૮ પર વળતરના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. શિક્ષણ વિભાગની કામગીરીની સમિક્ષા કરતા મંત્રીએ નવા ઓરડાઓ, ડીમોલેશન ઓરડાઓ તેમજ શાળામાં પાણીની સમસ્યા બાબતે માહિતી મેળવી હતી, રોડ રસ્તાની સમસ્યા બાબતે ખાસ કરીને સાબરડેરી સર્વિસ રોડ, હિંમતનગરમાં ટ્રાફીક સમસ્યા, ઈડર ટ્રાફીક સમસ્યા અને તેના નિવારણ માટે જરૂરી સુચનો કર્યા હતા. આ ઉપરાંત એસટી વિભાગમાં ડ્રાઈવરની ભરતી અંગેના પ્રશ્નો, વિજયનગર ગોડાઉન, રોડ રસ્તાની ગુણવત્તા અંગેના પ્રશ્નો તેમજ ગંદા પાણીના નિકાલ અંગેના પ્રશ્નો પરત્વે પણ મંત્રીએ વિગતવાર ચર્ચા કરી હતી. મંત્રીએ અધિકારીઓને ખાત્રી આપી હતી કે જયાં પણ તેમની મદદની જરૂર જણાય તેમનુ ધ્યાન દોરવામાં આવે. જેથી નાગરીકોને સાચા અર્થમાં ગુડ ગવર્નન્સની પ્રતિતિ થાય, બેઠકના અંતે જિલ્લા કલેકટરે મંત્રીને જિલ્લામાં ચાલી રહેલ હાલની કામગીરી બાબતે જાણકારી આપી હતી. જેના સંદર્ભમાં અમલીકરણ અધિકારીઓએ મંત્રી દ્વારા પુછાયેલા પ્રશ્નોના જવાબો રજુ કર્યા હતા.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, જિલ્લા પોલીસવડા ડો.પાર્થરાજસિંહ ગોહિલ, અધિક નિવાસી કલેકટર સુ.શ્રી કિષ્ણા વાઘેલા, પ્રાંત અધિકારી શ્રી આયુષી જૈન સહિત તમામ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## નેશનલ હેરાલ્ડ કેસ મામલે અરવલ્લી જિલ્લામાં ઉગ્ર વિરોધ પ્રદર્શનઃ પોલીસ અને કાર્યકરો વચ્ચે ભારે ઘર્ષણ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

નેશનલ હેરાલ્ડ કેસ મામલે સમગ્ર દેશમાં રાજકારણ ગરમાયુ છે. ત્યારે આજે શનિવારે સાબરકાંઠા બાદ અરવલ્લી જિલ્લામાં પણ તેના ઘેરા પ્રત્યાઘાતો જોવા મળ્યા હતા.

અરવલ્લી જીલ્લા કોંગ્રેસ દ્વારા આજે શનિવારે કેન્દ્ર સરકાર વિરૂધ્ધ મોરચો માંડી ભાજપ કાર્યાલયના ઘેરાવનો કાર્યક્રમ યોજયો હતો. આ દરમિયાન પોલીસ અને કાર્યકરો વચ્ચે ભારે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા. જિલ્લાના મુખ્યમથક મોડાસામાં આજે કોંગ્રેસના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન સાથે રોડ રસ્તા પર ઉતરી આવ્યા હતા. મોડાસા કોગ્રેસ કાર્યાલય થી મોટી



સંખ્યામાં કાર્યકરો સુત્રોચ્ચાર કરતા કરતા ભાજપ કાર્યાલય તરફ કુચ કરી રહ્યા હતા. જો કે ભાજપ કાર્યાલય પહોચતા પહેલા જ પોલીસે ચુસ્ત બંદોબસ્ત સાથે કાર્યકરોને અટકાવ્યા હતા. જેના કારણે પોલીસ અને કોંગી કાર્યકરો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. પોલીસે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરૂણભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અને ૧૫૦ થી વધુ કાર્યકરોની અટકાયત કરી તેમને ટાઉન પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા.

# હવે વિજળી ગાયબ થાય તો ફરીયાદ નહી કરવી પડેઃ કંપનીઓ દ્વારા પોર્ટલની પ્રક્રિયા શરૂ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હવે લાઈટ ડુલ થાય તો ગ્રાહકોને એની ફરીયાદ કરવી નહી પડે, જેના માટે એક પોર્ટલની શરૂઆત કરવામાં આવી છે. જેમાં જે જગ્યાએ લાઈટ ડુલ થાય તેની જાણ તમે પોર્ટલ મારફતે કરી શકાશે. જેથી તે હવે સીધા કંટ્રોલરૂમમાં જ તે ફરીયાદ થઈ જશે. તેથી તરતજ ટીમ વીજ ફોલ્ટ નિવારવા જે તે સ્થળે



પહોચી જશે.

ગુજરાત રાજયના ઉર્જા વિભાગના દરેક ડીવીઝન, દરેક સર્કલ અને દરેક સબ ડીવીઝન લેવલે એક કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવ્યો છે. ઉર્જા સંવર્ધન પોર્ટલ પરથી કંટ્રોલરૂમમાં ફરજ બજાવતી વ્યકિતઓ આ બધી વિગતો મેળવી ગ્રાહકોને ગુણવત્તા લક્ષી વીજ પુરવઠો મળી રહે એ માટેનો ખાસ અભિગમ છે. ખેતી કરતા ખેડુતોને વીજ પુરવઠામાં અનિયમિતતા જોવા મળે છે. તો એને કઈ રીતે સુધારી શકાય એવો એનો શુભ હેતુ રહેલો છે. રાજકોટ સ્થિત પીજીવીસીએલના મેનેજીંગ ડીરેકટર કેતન જોશીએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે હાલ આ શરૂઆતનો તબકકો છે ત્યારે અમારા લેવલે ડીવીઝન, સર્કલ અને કોર્પોરેટ ઓફીસ લેવલે વિશેષ તપાસ થઈ અમલવારી કરવામાં આવશે. આ પોર્ટલ આવવાથી ગ્રાહકોને લાઈટ ડુલ થયાની ફરીયાદ કરવાની જ જરૂર નહી રહે. અમારા તબકકે જ જાણી શકાશે કે કઈ જગ્યાએ વીજ પુરવઠામાં વિક્ષેપ આવે છે અને કઈ કઈ જગ્યાએ વોલ્ટેજ ફલેકયુએશન છે એ જાણી તકેદારીના પગલા લેવામાં આવશે. હાલ સરકાર દ્વારા જાન્યુઆરીથી આ પોર્ટલ શરૂ કરવામાં આવનાર હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

### અમદાવાદમાં અસામાજીક તત્ત્વો બન્યા બેફામ

## અસલાલીમાં પ્રેમ સંબંધની શંકામાં યુવક પર ફાયરિંગ થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ફરી એકવાર સવાલો ઉભા થયા છે. અમદાવાદ શહેરના ગ્રામ્ય વિસ્તારમાં આવેલા અસલાલી પોલીસ સ્ટેશનની હદમાં ફાયરિંગની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પ્રેમ સંબંધની આશંકા અને યુવતીને ભગાડી ગયાની શંકામાં શખ્સોએ જાહેરમાં યુવક પર બંદૂકની ગોળીઓ ચલાવી હતી.જણાવી દઈએ કે, આ ઘટના બે દિવસ અગાઉ બની હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, એક યુવક પર હુમલો કરવા માટે શખ્સો લક્ઝુરિયસ ગાડીઓના કાફલા સાથે આવ્યા હતા. આશરે ૧૦ જેટલા શખ્સોએ ગન સહિતના ઘાતક હથિયારો સાથે નિર્દોષ યુવક પર હુમલો કર્યો હતો. જણાવી દઈએ કે, શખ્સોએ યુવક પર ફાયરિંગ કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં શખ્સોની દાદાગીરી સ્પષ્ટ દેખાઈ રહી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આ હિંસક હુમલા પાછળ પ્રેમ સંબંધનું કારણ જવાબદાર છે. હુમલાખોરોને શંકા હતી કે, ભોગ બનનાર યુવક કોઈ યુવતીને ભગાડી જવામાં સામેલ છે. આ શંકાના આધારે આ શખ્સોએ યુવક પર જીવલેણ હુમલો કર્યો હતો. જોકે, સદનસીબે યુવકનો જીવ બચતી ગયો છે. આ કેસમાં પોલીસે કેવલ રબારી, કાનો ગમારા સહિત કુલ ૧૦ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધી છે. ઘટનાની જાણ થતા જ અસલાલી પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે CCTV ફૂટેજ કબજે કરીને ફરાર આરોપીઓને પકડવા માટે કામગીરી ચાલી રહી છે. નિર્દોષ વ્યક્તિનો જીવ લેવાની કોશિશ કરનારા આ તત્વો સામે કડક કાર્યવાહી થાય તેવી પરિવાર દ્વારા માંગ કરવામાં આવી છે. હાલમાં પોલીસ ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આ શખ્સોને શોધી રહી છે.